णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहु माणो

# સુગુરુ ધારા

પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજા કૃત

ધર્મબિન્દુ - અણગાર ધર્મ - ચતુર્થ અધ્યાય

વાચના ૧૬-૨૦

પ્રિયમ્

= અવતરણમ્ =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ **– 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

સંવત ૨૦૭૭

૨૬.૦૪.૨૦૨૧

# ધર્મ-બિંદુ ગ્રંથ-વાચના ૧૬

ધર્મબિંદુ ગ્રંથની અંદર પૂજ્ય હરીભદ્ર સૂરી મહારાજ આગળ વધી છે, સુત્ર નંબર ચાર,

गुरुपदार्हस्तु इत्थम्भूत एव।

ત્રીજ સુત્રમાં દીક્ષાર્થીની યોગ્યતા કહી, ચોથા સુત્રમાં ગુરુ ની યોગ્યતા બતાડે છે, જે દીક્ષા આપી રહ્યા છે, જે ગુરુ બની રહ્યા છે, એમની યોગ્યતા કહી, એમની પહેલા નંબરની યોગ્યતા કહે છે,

विधिप्रतिपन्न प्रव्रज्य:।

જેમણે વિધિપૂર્વક દીક્ષા લીધી હોય, વિધિ કઈ છે એ આગળ કહેશે, બીજા નંબરની યોગ્યતા,

समुपासितगुरुकुल:।

દીક્ષાના છ-બાર મહિનામાં જે ગુરુથી છુટા પડી ગયા હોય, જે વર્ષો સુધી ગુરુકુલ વાસમાં રહ્યા ન હોય, એ ગુરુ બનવા માટે યોગ્ય નથી. કદાચ પંડિતપુ પાસે ભણી લો, જ્યાં ત્યાં - ભણી લો, આમ-તેમ UP-DOWN કરીને ભણી લો, થોડું અહીંયા રહ્યા ને ભણી-લીધું, થોડું અહીંયા રહ્યા ને ભણી લીધું, કદાચ વિદ્વાન બની ગયા, કદાચ બહુશ્રુત બની ગયા,

પણ ગુરુકુલવાસમાં વર્ષો સુધી ના રહ્યા. - એમની યોગ્યતા, એમનું ઘડતર, ઘણું કાંઇ કહેવાય. જે એમનાથી મળે છે, જે ગુરુની - છાયાથી મળે છે, જે પોતે જ્યાં દીક્ષા લીધી ત્યાં ઠરીઠામ થવાથી મળે છે.

## એ શાસ્ત્રોથી મળી શકતું નથી !

समुपासितगुरुकुल: ।

અનુભવ મળે, સારણા- વારણા મળે, મહાત્માઓ કહે પણ ખરા, બદલ બદલ કરે બધું નવું હોય, આપણા માટે નવું, એમના માટે આપણે નવા, ન કહેવામાં આવે. ગુરુ હોય, એમણે જે રીતની જવાબદારી રાખી હોય, સ્વતંત્રતા માં - કોઈની જવાબદારી ના હોય, ને નિભાવવામાં પણ ફરક પડે. બીજુ યોગ્યતા,

समुपासितगुरुकुल: ।

ગુરુકુલ, આત્માને કદાચ ખ્યાલ પણ ના આવે, એ રીતે આત્મા ઉપર કામ કરતું રહે છે. કામ - કરતુ રહે --- કરતુ રહે ---- કરતુ રહે ---

અને એમ જ્યારે વર્ષો જાય, અને જે ઘાટ-
ઘડાયો હોય, જે કોનરાગી થઈ હોય, જે ઓપ-
આવ્યો હોય, જે ચમક આવી હોય, દીક્ષા,
સર્વવિરતિ, ગુરુનું શા માટે આટલું બધું-
મહત્વ, અમે તો શ્રાવક છીએ અમે-
આટલો બધો ધર્મ કરીએ, તપ કરીએ, વ્યાખ્યાન
સાંભળીએ, ક્રિયા કરીએ, દાન આપીએ,
પ્રભુ ભક્તિ કરીએ, વ્યાખ્યાનની અંદર આવુ
બધુ કહેવાતું હોય, ચારિત્ર વિણ નહિ મુક્તિ,
ને એના વગર ઉધ્ધાર નહિ તો, આય નહિ,
ને તેમ નહિ, એ પણ વધુ પડતું લાગતું હોય છે.
એવા આત્માઓ ને કહેવાનું મન થાય કે, તમે
નહિ સમજુ શકો, તમે જ્યારે દીક્ષા લેશો,
પંદર વીસ વર્ષ ગુરુકુલવાસમાં ઠરશો, હું કહું છું
૧૫-૨૦ વર્ષે તો જે RESULT આવશે તે તો
બેનમુન હશે, પણ ૧૫-૨૦ દિવસ પછી પણ
તમારો અભિપ્રાય બદલાય જશે કે ભાઈ
કાન પકડીએ, જે અહીંયા ઘડતર થઈ શકે, જે
અહિંયા મળે, ત્યાં અમને પંદર વર્ષમાં નથી
મળ્યું, અહીંયા પંદર દિવસમાં મળી ગયું.

समुपासितगुरुकुल: ।

ગુરુની બીજી યોગ્યતા. ત્રીજા નંબરની યોગ્યતા-છે.

अस्खलितशील: ।

એક સામાન્ય સાધુ છે, ક્યાંક મહાવ્રતો ની અંદર સ્ખલના થઈ, આલોચના કરી, શુધ્ધ થયા. ફરી સંયમનું ગાડુ આગળ ચાલ્યું, પણ જે ગુરુ હોય, એનામાં મહાવ્રતો ની સ્ખલના-તો ન જ હોવી જોઈએ.

अस्खलितशील: ।

નો ભાવાર્થ એ છે કે જ્યારથી દીક્ષા લીધી ત્યારથી આજ સુધી.

જેમના મહાવ્રતો અખંડિત હોય !

સ્ખલના શુન્ય હોય. શુધ્ધ હોય, નિર્મળ હોય, એ દીક્ષા આપવા માટે યોગ્ય છે. ટીકાકાર-ભગવંત આ પદની વ્યાખ્યા કરે છે.

प्रव्रज्याप्रतिपत्तिप्रभृत्यखण्डितव्रत: ।

દીક્ષાથી માંડીને આજ સુધી જેમણે વ્રતભંગ ના-કર્યો હોય.

જે દીક્ષા આપવા માટે, ગુરુ બનવા માટે યોગ્ય છે. ચોથા નંબરની યોગ્યતા,

सम्यगधीतागमः।

જેમણે આગમોનો સમ્યગ્ અભ્યાસ કર્યો હોય. પુણ્ય છે, વાક્છટા છે, પ્રભાવશાળી આકૃતિ છે, લોકો ખેંચાય, મુમુક્ષુ ખેંચાય, દિવસ રાત- ઘણા બધાને પાસે બેસવાનું મન થાય, સારી રીતે રજુઆત કરી શકે, હૃદય પરિવર્તન કરી શકે, દીક્ષા લેવા માટે તૈયાર કરી શકે. પણ પોતે ભણ્યા ન હોય, આગમોનો - વ્યવસ્થિત અભ્યાસ ન કર્યો હોય, તો એ ગુરુ બનવા માટે યોગ્ય નથી. ટીકાકાર શ્રી આની વ્યાખ્યા કરે છે,

सूत्रार्थोभयज्ञानक्रियादिगुणभाजो गुरोरासेवनेना -
धिगतपारगतगदितागमरहस्यः।

જેમણે સૂત્ર, અર્થ, આ બંને બરાબર મેળવ્યા હોય, એના દ્વારા જ્ઞાન અને ક્રિયા એ બંને - ગુણ કેળવ્યાં હોય, જેમણે ગુરુની સમ્યગ્ ઉપાસના કરી હોય, અને જેમણે ભગવાને કહેલા આગમોના રહસ્યો ને પચાવ્યા હોય.

એ ગુરુ બનવા માટે યોગ્ય છે. પાંચમાં નંબરની યોગ્યતા,

તત એવ વિમલતરબોધ:

દુનિયા માત્ર એવું નથી કહેતા, સમ્યગધીત આગમ, વિધિપૂર્વક, વિનયપૂર્વક, સમ્યગ ગુરુની ઉપાસના પૂર્વક ભણ્યા, અને આ રીતે ભણે - એટલે પાંચમી યોગ્યતા મળે,

વિમલતરબોધ: ।

વધુ શુધ્ધ જોઈ હોય, દીક્ષાર્થી ની યોગ્યતામાં કહ્યું.

તત એવ વિમલબુદ્ધિ: ।

એમની બુધ્ધિ હોય એ નિર્મળ હોય, ગુરુની યોગ્યતામાં કહ્યું, એનો બોધ વધુ નિર્મળ હોય, એમની બુધ્ધિ વધુ નિર્મળ હોય. ક્યાં કયો - અર્થ કરવો, કયા પ્રસંગે કઈ શાસ્ત્રની પંકિત લગાડવી, શાસ્ત્રમાં આ પણ કહ્યું છે ને આ પણ કહ્યું છે, આ કહ્યું આ પ્રસંગ માટે કહ્યું, આ કહ્યું આ પ્રસંગ માટે કહ્યું, આનુ આમાં લગાડે ને આનુ આમાં લગાડે, એને

વિમલતરબોધ:

ન કહેવાય. શાસનના બધા જ પ્રશ્નો, સમસ્યાઓ,

વિજવાદો, મતભેદો, સંઘર્ષો, આના મુળની અંદર, અભણ મહાત્મા નથી હોતા, આના-મુળની અંદર જે ભણ્યા જ નથી એ નથી-હોતા, એક ભાઈ હતા, સમાજસેવક હતા, એક ગામમાં પહોંચી ગયા, ત્યાં સાગરતા અને શિક્ષણ ને એ બધાની બહુ વાત કરી, મજુરો-ને બધાને સમજાવ્યા, જુઓ તમે ભણ્યા નથી માટે આ બીજી તમારી પાસે આવી સહી કરાવી દે છે, આટલા બધા હોય છે, અને આટલા ચુકવે છે અને એના કારણે તમે ઓછા રૂપિયા મેળવો છો, ભણતર વધશે તો આ બધુ સારુ થશે, તમે ભણો. ત્યાં એક અભણ ઊભો થઈ પ્રશ્ન કર્યો, કે સાહેબ, વાત તમારી સાચી અમે અભણ છીએ, માટે અમે છેતરાઈએ-છીએ, પણ

અમને છેતરનારા ભણેલા હોય છે કે અભણ હોય છે?

જે ભણ્યા જ નથી, એવા તેજસ્વી નથી, એવા-શક્તિ સંપન્ન નથી, એ શાસનનો ઉધ્ધાર પણ ન કરી શકે.

શાસનનું નુકશાન પણ ના કરી શકે. એ
પોતાની આરાધના કરે. શક્તિ સંપન્ન હોય.
તેજસ્વી હોય, ભણેલા - ગણેલા હોય, એ
શાસનનો ઉદ્ધાર પણ કરી શકે. અને શાસનને
નુકશાન પણ કરી શકે.

મને એક શાસ્ત્ર પાઠ મળી ગયો.
એને લઈને હું આખી જિંદગી સંઘર્ષો કર્યા કરું,
મતભેદ કર્યા કરું, લડાઈઓ કર્યા કરું, તો
મારામાં

વિમલતર બોધ

નથી. મારું તેજ, મારી શક્તિ, મારુ જ્ઞાન,
મારુ ભણતર, શાસનને અને મારા આત્માને
નુકશાન કારક છે. એક અંગ્રેજ છે. -
અહીંયા આવ્યો, ધર્મ સમજવો હતો, કોઈ એને
સમજાવનાર મળી ગયું, એને જીવવિચાર -
ભણાવ્યા. એણે કહ્યું બહુ સરસ જ્ઞાન મને
મળ્યું, એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, બહુ
આભાર ને મારે ત્યાં પણ હું આ જ્ઞાન -
આપીશ. આપનાર ને ખુશી થઈ.

એ અંગ્રેજ PROFESSOR ત્યાં પહોંચી ગયા,
ત્યાં CLASS, TUTION, UNIVERSITY માં
COURSE વગેરે ચાલુ કર્યા, ધારોકે ની વાત છે,
SUPPOSE! એણે વનસ્પતિ બધી કાપી-કાપી
ને લાવી, આ સ્થાવર, આ માટી, આ પાણી,
પૃથ્વી કાય, અપકાય, THEORY-PRACTICAL
બધું સાથે ચાલે, CLASS બેઠો છે, તે બધા-
ને સમજાવી રહ્યા છે, આ ઈયળ લાવ્યા,
આને આટલા ઈન્દ્રિય કહેવાય, એનું સંશોધન
કર્યું, આ ચામડી કાઢી, આ એની એકે ઈન્દ્રિય,
આ એના મોઢા અંદર એની અંદર સુક્ષ્મ મુખ છે,
આ એની જીભ ઈન્દ્રિય, આ કીડી ના શરીરના
ત્રણ ભાગ કર્યા, આ મચ્છર ચૌરેન્દ્રિય, આ
એની ચાર ઈન્દ્રિયો, કાપતો જાય, બતાવતો-
જાય. એ જે કહી રહ્યો છે, કીડીની ત્રણ-
ઈન્દ્રિય, મચ્છરની ચાર ઈન્દ્રિય, ઈયળની-
કૃમિ, કીડાની બે ઈન્દ્રિય, વાત બધી સાચી
છતા સાવ ખોટી કારણકે પ્રવિચાર એમા
માટે ન હતું. એ જીવોની રક્ષા માટે હતું.
કદાચ આમાં કંઈ ભૂલ પણ થઈ જાય, પણ

ષટ્કાય જીવની યતનાની પરિણામ છે, શક્ય
પુરુષાર્થ છે, અંતરમાં કરુણા છે, સંયમની-
પરિણતિ છે, અને સુવિચાર કાચા છે, ગાથા-
ઓ બરાબર આવડતી નથી, ત્યાં ભાવથી-
સુવિચાર છે, વાત સમજાય છે કે

જ્યાં સુવિચાર એકદમ કડકડાટ
છે, ગાથાઓનો પાઠ એકદમ શુદ્ધ છે,
બધા પદાર્થો કડકડાટ છે, બહુ સારામાં સારી
રીતે સમજવી. પણ એ ભાઈ માંસાહારી છે,
એને કાંઈ લેવા દેવા નથી જીવરક્ષા સાથે,
જીવદયા સાથે, પરિણતિના નામે દેવાળુ છે,
ત્યાં બધી જ વાત સાચી હોવા છતા, તદ્દન
ખોટી છે. એ સુવિચાર હોવા છતા, પળાય નથી,
કહેવાય નથી, સુવિચાર છે જ નહિ, કારણકે
જીવોનો વિચાર જ નથી.

બરાબર એ જ રીતે શાસ્ત્રોનું-
શાસ્ત્ર પાઠોનું તાત્પર્ય, એમનું ઉદ્દેશ્ય, એમનું-
હાર્દ, આત્મશુદ્ધિ છે, રાગ દ્વેષ ઉપશમ છે,

26.08.2021

સમભાવ છે, અને એ જ સમભાવ વિજાય-થય, પીંજાય થય, સંઘર્ષો થઈ થય, જે રીતે શાસ્ત્રો લગાડવા, જે રીતે શાસ્ત્રોની-પ્રરૂપણા કરવી, તો આ પણ છોડી ને કાપી-કાપી ને પુવિચારની સમજુતી આપવા જેવી પ્રવૃત્તિ નહિ છે

तत एव विमलतरबोधः।

તત્વભેદી, જે સમ્યગ્પણે, વિનયપૂર્વક, સમર્પણ ભાવ પૂર્વક, શાસ્ત્રના બહુમાનપૂર્વક, વિધિપૂર્વક, આગમોનો અભ્યાસ કરે, એને અત્યંત નિર્મળ બોધ, નિર્મળ બુદ્ધિ ની પ્રાપ્તિ થાય, એ શાસ્ત્રોનું હાર્દ સમજી શકે, એ શાસ્ત્રોનું તાત્પર્ય સમજી શકે, અને એ આત્મા

પોતાને અને બીજાને તારી શકે !

માટે, એના માટે પ્રયાસ કરવો જોઈએ, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ !

27.08.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - 11

ધર્મ બિંદુ ગ્રંથની અંદર પૂજ્ય હરીભદ્રસૂરીજી - મહારાજ, ચૌથા અધ્યાયના ચૌથા સુત્રમાં, ગુરુ પદને યોગ્ય આત્માની છઠ્ઠી યોગ્યતા, બતાડે છે. છઠ્ઠી યોગ્યતા છે,

उपशान्तः।

અત્યંત વિશિષ્ટ, કપરા ગ્રંથો નો અભ્યાસ ગુરુએ ન કર્યો હોય તો ચાલે. ગુરુ ઉગ્ર તપસ્વી ન હોય તો ચાલે, અત્યંત વિશિષ્ટ વ્યાખ્યાન - શક્તિ ન હોય તો પણ ચાલે! પણ

**ગુરુ ઉપશાંત ન હોય તો ન ચાલે!**

વિવિધ પ્રકારના શિષ્યો હોય, વિવિધ ક્ષયોપશમ - વાળા, વિવિધ સ્વભાવ વાળા, વિવિધ પ્રકૃતિ વાળા, વિવિધ ટેવ વાળા, ક્યારેક એવું બને કે કોઈક શિષ્ય એકદમ આવેશમાં આવી - જાય, કદાચ એવું બને કે કોઈ કર્મનો ઉદય થઈ ગયો ને ગુરુ ઉપર જ આવેશ આવી ગયો. ચાલો એમને આવેશ નથી આવ્યો પણ કોઈ - ભુલ કરે ને ગુરુ એમના ઉપર આવેશ કરી દે,

તો એવા સમયે બાપુ બગડી જાય છે ખપ છે. કર્માધીન છે, આવેષ આવી ગયો છે, ગુસ્સો આવી ગયો છે, ગુરુ ઉપર જ બધી ઝેરની આગ ઓકી હોય, એવું બન્યું છે. એ સમયે ગુરુ ગમ ખાય જાય, એ સમયે ગુરુ શાંત રહી જાય, એ સમયે ગુરુ અત્યંત - સમભાવે રહે, તો શિષ્ય તદ્દન ઠરી જાય, શિષ્ય ની પણ એવા સંસ્કાર મળે, અને શિષ્ય સુધરી પણ જાય.

उपशान्त:।

સભાની પ્રશ્ન :- ઉપશાંત શાંત અને શાંતમાં ફેર શું ?

પૂજ્યશ્રી નો ઉત્તર :- આગમમાં છે ને આ સવાલ નો જવાબ આ રીતે આપ્યો છે.

संते पसंते उवसंते

યોગબિંદુમાં શાંત ની વ્યાખ્યા કરી,

क्रोधाद्यबाधित: शान्त:।

જે ક્રોધ આદિ કષાયોથી અબાધિત હોય, જેમે

આગી જરા પણ બાધા ન પહોંચાડી શકે, એને શાંત કહેવાય. આવી ગયા, શમી ગયા, જેને એટલા શમ્યા હોય કે ઉઠી જ ન શકે, આવી પણ ન શકે, ભગી પણ ન શકે, તો એને ઉપશાંત કહી શકાય. અને જેના ક્ષય જ પામી ગયા હોય, અથવા તો ક્ષીણ-પ્રાય: થઈ ગયા હોય, એમને પ્રશાંત કહી શકાય. ત્રણેમાં એક વસ્તુ સામાન્ય છે કે ઉદયમાં આવેલા, કષાયો સફળ તો થતા જ નથી.

**સાધુને કષાય આવે જ નહિ એવું નથી!**

પણ સાધુને ઉઠેલા કષાયો કદી સફળ ન થાય એવો નિયમ છે. અને ઉપદેશમાલામાં ધર્મ-દાસ ગણિ મહારાજ, આ ભૂમિકાની વાત કરે છે,

संते वि जो कसाए निगिण्हइ सोवि तत्तुल्लो।

આ છદ્મસ્થ સંયમ છે. એની અંદર કોઈ અકષાય જ હોય, બધા વિતરાગ જ હોય, બધા સાધુ કેવળજ્ઞાની હોય એવું જરૂરી નથી.

પણ, કષાયો હોવા છતા જે કષાયો નો નિગ્રહ હોય, તો એ સાધુ પણ વિતરાગ તુલ્ય છે. જિવાભિગમ્ય આગમની ટીકા ની અંદર બહુ-સ્પષ્ટ કર્યું.

सञ्ज्ञादशकविप्रमुक्तः।

સાધુએ દસે સંજ્ઞાથી આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, ઓઘ અને લોક આ દસે સંજ્ઞા ઓથી સાધુ મુક્ત હોય, અને એનું કારણ બતાવ્યું, આ સંજ્ઞા કદાચ છે, સત્તા રૂપે છે, કદાચ સુક્ષ્મ રૂપે પણ છે, પણ વિપાક ઉદય સ્વરૂપે, આ સંજ્ઞા સાધુ ને ન ભગી શકે. માટે સાધુ એ સંજ્ઞાઓથી મુક્ત છે.

દશવૈકાલિક આગમમાં સ્પષ્ટ કર્યું.

समणा मुत्ता।

સાધુ એટલે મુક્ત, સાધુ એટલે સિદ્ધ! સાધુ એટલે નિષ્કષાય! આ એક અપેક્ષાએ

અેક જણને કષાય જાગતા જ નથી, બીજાને જાગ્યો પણ એણે CONTROL કરી લીધો, બંને શાંત જ છે, એ અપેક્ષા એ બંને-તુલ્ય છે.

ઉપશાન્તઃ।

યુગપ્રધાન આચાર્ય સમ પૂજ્ય ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબ, શિષ્યો ને બહુ સરસ-હિતવચન કહ્યું હતું, કે ગમે તેવી પરિસ્થિતિ થાય, આપણું પહેલા નંબરનું કામ, આપણું મગજ શાંત રાખવાનું. પહેલું કામ આ કરો. પૂજ્યશ્રી નું પછીનું વાક્ય છે, પછી ભલે-ગમે તેટલી ઉથલપાથલ કરી શકાય, બહુ માર્મિક વાત. એનો અર્થ એ નથી કે પછી તમે લડકો, ગમે તેવા શબ્દો બોલો, એવી વાત નથી, પરિસ્થિતિ ને અનુરુપ ત્યારે જે પગલા ભરવા પડે એ કડક કલેજે, સમ્યગ્, શાસ્ત્રીય દ્રષ્ટિ એ ભલે ભરો, પહેલું કામ આ કરો.

**તમારું મગજ શાંત રાખો !**

ગમે તેવી પરિસ્થિતિમાં એ આપણે આપણું મગજ શાંત રાખી શક્યા, તો સમજી લો, કે આપણે મોટા ભાગની બાજી જીતી લીધી.

7 ગુરુ શાંત રહ્યા, અને શિષ્ય-નો સખત આવેશ હતો, ગુરુ શાંત પડ્યા, તે ધારોકે શિષ્યના કષાય, એમ ને એમ જ છે, પણ છતાં ગુરુનો PLUS માં જ રહ્યું, ગુરુ એમની ભૂમિકાથી નીચે ન ઉતર્યા, ગુરુ-ની જે ભૂમિકા હતી, એ જ રહી, શિષ્યને ભવિષ્યમાં સુધરવા અને પસ્તાવાનો અવકાશ રહ્યો, અને એ શિષ્યના હૃદયમાં પણ-ગુરુ પ્રત્યે, જે ગુણાત્મક ભાવ ટકી ગયો, આ પણ બહુ મોટી સિદ્ધિ છે. વિવક્ષિત કાર્ય થયું કે ના થયું, એ જુદી વસ્તુ છે. આપણા આત્માનું કાર્ય થયું કે ના થયું, આપણે શાંત રહ્યા કે નહિ, સ્વસ્થ રહ્યા કે નહિ, આપણે આપણી ભૂમિકા એ સ્થિર રહ્યા કે નહિ, એ વધુ મહત્વની વાત-હોય છે, અને વધુ સાચવવાની વાત હોય છે.

ગુરુ ની છઠ્ઠી યોગ્યતા ઉપશાંત ! ગુરુની સાતમી યોગ્યતા,

## પ્રવચન વત્સલ !

જેનુ સરસ મજાની એક વાત કરી છે. ટીકાકાર મહર્ષિએ, કરી છે-

યથાનુરૂપં સાધુસાધ્વીશ્રાવકશ્રાવિકારૂપ - चतुर्वर्गश्रमणसङ्घवात्सल्य विधायी ।

ચતુર્વિધ સંઘ ઉપર જેમનું યથાનુરૂપ વાત્સલ્ય. ગુરુ પદ મળ્યું, શિષ્ય થયા ને પછી કોઈ શ્રાવક ને પણ ગમે તેવા શબ્દો કહી દેવા, ઝેંઝેરી નાખવા, ઉતારી પાડવા, એને પ્રવચન વત્સલ ના કહેવાય. ગુરુ પદ મળ્યું, મોટનો છે. પુણ્ય છે, એને શાસનનો ક્યાં જરૂર છે એ તરફ દ્રષ્ટિ નથી, એને શાસનનું હિત કરવા કરતા, પોતાનું નામ કરવું વગેરે વગેરે માં રસ વધારે છે, તો પ્રવચન વત્સલતા નથી. સંઘ આવ્યો ને સંઘની શું જરૂર છે એ મારે જોવું નથી. મારી જરૂર પુરી થઈ જાય,

આટલી જ મારી દ્રષ્ટિ છે, તો પ્રવચન વત્સલતા મારામાં નથી. ગુરુની સાતમી યોગ્યતા, પ્રવચન વત્સલ !

## જિન-શાસન પ્રત્યેના વાત્સલ્યનો ભાવ

તારણી નો ભાવ, એનું હિત કરવાનો ભાવ, સંઘની આબાદી થાય, સંઘનો અભ્યુદય-થાય, સંઘ દ્રવ્ય અને ભાવ બંને રીતે-આગળ વધે, સંઘમાં આરાધના વધે, જ્ઞાન-વધે, પરિણતિ વધે, સંઘની તકલીફો દુર-થાય, સંઘના વિઘ્નો દુર થાય, આવી-ભાવના, અને આ માટેના યથાશક્તિ-ઉચિત પ્રયાસ, જે ગુરુમાં હોય એમને-પ્રવચન વત્સલ કહેવાય.

ગુરુની આઠમી યોગ્યતા છે,

સત્ય હિત રત: !

ટીકાકાર મહર્ષિ એની વ્યાખ્યા કરે છે,
तत्तच्चित्रोपायोपादानेन सामान्येन
सर्वसत्त्वप्रियकरणपरायणः।
તે તે ઉપાય એનું ઉપાદાન કરે, તે તે ઉપાયનો આદર કરે, અમલ કરે, જે શક્ય હોય તે તે રીતે, તે તે જીવનું પ્રિય-કરવું, હિત કરવું, ભલું કરવું, સારું કરવું, આવી જેની ભાવના છે, એ ગુરુ થવા માટે લાયક છે.

સિધ્ધાંત મહોદધિ શ્રી પ્રેમ-સૂરીશ્વરજી મહારાજ, એમણે ઉત્તરાધિકારીની ની વ્યવસ્થા કરી, ઉત્તરાધિકારીના પણ ઉત્તરાધિકારી-ની વ્યવસ્થા કરી, પટ્ટક ની અંદર એક વાક્ય છે કે, ભાનુવિજય ની જવાબદારી, જયઘોષ વિજયજી ને સોંપવી, આ સમયે પૂજ્ય-શ્રીની પર્યાય બહુ નાની હતો, ઉંમર બહુ નાની હતી, વિદ્વત્તા હોવી એ અલગ વસ્તુ છે, વિદ્વત્તા માત્રથી લાયક બની શકાતું નથી! જ્ઞાન ઘણું હોય, પણ મારોજ વિચાર,

સ્વાર્થ ભાવના, હું કોઈનું કશું કરું નહિ, મને કંઈ લાગે વળગે નહિ, કોઈનું - ભોગવાનું સીદાતુ હોય તો પણ મારે સમય કાઢવો નથી. તો હું કદાચ વિદ્વાન હોઈ શકું, વિદ્વાન રહી શકું, પણ હું કદી - લાયક ના બની શકું.

યશોદેવ વિજયજી મહારાજ બહુ નાના હતા, સોળ-સત્તર-અઢાર વર્ષની - કદાચ એમની ઉંમર, હજુ મુછ નો દોરો - ફુટ્યો ન હોય એવી કદાચ ઉંમર, અને પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસે જ હતા ને કહેતા કે, ગુરુદેવ પેલા મહાત્મા ને આ ગ્રંથ કરાવો ને, એમને આગળ વધારો ને, એમનો બીજા વિષય નો અભ્યાસ, એમનો આ અભ્યાસ, એમનું આ કરવા જેવું છે, એમની જરા તબિયત સારી નથી, એમના જરા જીમારી ની છુટ, પ્રેમસૂરીશ્વરજી મહારાજ એ, પોતાની ગીતાર્થ દ્રષ્ટિ થી, - પરિપક્વ દ્રષ્ટિ થી આ મહાત્માને પરખી લીધા હતા,

કે આમનામાં બીજાનું હિત કરવાની, વધારે આગળ વધારવાની ભાવના બહુ જ છે. કદાચ બાળ મુનિ તરીકે એમણે કોઈ નોઈ નુકસાન કર્યું, કોઈએ એમની ફરિયાદ કરી, એના કારણે એમને ઠપકો એ આપ્યો, પણ એ મહાત્મા માટે એમની એવી ભાવના છે, કે એ મહાત્મા બહુ આગળ વધે, એમનામાં જ્ઞાનનો ક્ષયોપશમ છે, એમની અંદર વિનય છે, એમની અંદર બીજા ઘણા ગુણો છે, એની સાથે સાથે નાયક પણાનો આ બહુ ઉંચો ગુણ એમની અંદર છે, એ બધાનું હિત ઈચ્છે છે, બધાને આગળ વધારવા માંગે છે.

બહુ સરસ મઝાની ગુરુની આ યોગ્યતા,

સત્ત્વ હિત રત: !

માત્ર શિષ્યો માટે નહિ, માત્ર સમુદાય માટે નહિ, માત્ર સંઘ માટે નહિ, દરેકે દરેક જીવનું સારું થાય, ભલું થાય, આવી ભાવના !

એક ભાઈ

એક વાર સાંજના સમયે પૂજ્યશ્રીની પાસે આવ્યા ને કહ્યું કે સાહેબ એવા NEGATIVE વિચારો ને આધિન થઈ ને મેં એવી હવા પી લીધી છે કે હું મરી જવાનો છું, મને આરાધના કરાવી દો. સાહેબ તરત આસન-થી ઉભા થયા, ચુનાના પાણીની ટોપ હતી ત્યાં પહોંચ્યા એક ટોકસા ની અંદર, પાણી ભર્યું, એક મહાત્મા પાસે ગયા, એક છીંકણી-ની ડબ્બી લીધી ને છીંકણી એની અંદર નાખી અને એ પાણી ધડ ધડ ધડ એ ભાઈને પીવડાવી દીધું. એ ભાઈને ઉલ્ટી થઈ ગઈ, હવા બધી બહાર નીકળી ગઈ, એમની ચુવ-બચી ગયો.

એક મહાત્મા હતા, અમુક રોગ હતો એવો DEPRESSION નો, એવી હવા ચાલતી હતી, ને ઓગ મગો મહાત્મા ને એવો વિચાર આવ્યો કે રોજ એક એક ગોળી લેવી એના કરતા બધી ગોળીઓ સાથે લઈ લઈએ ને દસ ગોળીઓ એમણે એક સાથે લઈ લીધી ને

ધિબ થઈને મહાત્મા પડ્યા. પૂજ્યશ્રીને ખબર પડી તરત દોડ્યા. કોઈ ઘરમાં જઈને ટોકસી ભરીને ઘી લઈ આવ્યા. અને એ ઘી તરત મહાત્માને વપરાવી દીધું. અને એના કારણે એ ઘી દ્વારા જે દવાનું ઝેર ચડતને મહાત્મા કદાચ વિદાય થઈ જત. એમાંથી મહાત્મા બચી ગયા.

## સત્ત્વ હિત રત : !

એક મહાત્મા, બહુ મઝની વાત છે. ગુરુ કઈ રીતે બનાય! ગૃહસ્થ ભુવનની અંદર પાગ-નાયક કઈ રીતે બનાય, મા-બાપ કઈ રીતે-બનાય, સંઘના અગ્રણી કઈ રીતે બનાય. સંઘના અગ્રણી કઈ રીતે બનાય. કેવી બધાના હિતની ભાવના હોય, કેવું વાત્સલ્ય હોય, -સાહેબના શિષ્યો કેટલા, લગભગ પચાસ આસ-પાસ, જે સાહેબના શિષ્ય- પ્રશિષ્ય કહેવાય, અને સાડા છસ્સોનો સમુદાય, એમ નહિ કે પહેલા ભણીને ગયાની માટે એમને - ગચ્છાધિપતિ બનાવ્યા'તો, ઔચિત્ય સાચવી લીધું-

એમ નહિ, કદાચ પોતાના ગુરુ કરતા પણ વધારે સાહેબને માને, એ આસ્થા, એ શ્રધ્ધા, આજે એમની જે જે તિથિઓ આવે, એની ઉજવણી, એ ગુણાનુવાદ, એક પછી એક પુસ્તકો બહાર પડતા જ જાય.. પડતા જ જાય.. પડતા જ જાય.. વિશ્વની એક માત્ર, - વર્તમાન કાળની સ્મૃતિ ગ્રંથ એવો હશે, જે સંપૂર્ણ સંસ્કૃત ભાષાની અંદર, જે સંપૂર્ણ COLOUR માં એ સાડા છસ્સો જેટલા પાના-નું આટલું મોટું VOLUME. અને જેની અંદર પાંચસો જેટલા સાધુ સાધ્વીજી ભગવંતો-એ, પૂજ્યશ્રીના ગુણોના સંસ્કૃતમાં લેખો-આપ્યા હોય, એવો સ્મૃતિ ગ્રંથ, હું તમને એ કહેવા માંગુ છું કે આના મુળમાં શું ?

આપણી ઈચ્છા છે આપણો શિષ્ય આપણું માને, આપણા GROUP માં બધા-આપણું માને, આપણી ઈચ્છા છે આપણા-પરિવારમાં સંઘમાં સમાજમાં, મિત્ર વર્તુળમાં, અડોશ પડોશમાં આપણું માન હોય, પણ એના મુળમાં શું ?

સાહેબ તમને કેટલા સિદ્ધાંત દિવાકર હોય,
બહુશ્રુત હોય. આગમના એકેક્રમ જેને કહેવાય
MOBILE LIBRARY જેવા હોય, એની બધા
પ્રશ્નોના જબરજસ્ત જવાબ આપતા હોય. -
આટલું પુરતું નથી.

હું તો ત્યાં પાણી-પાણી થઈ
જઉં છું, જ્યાં મારા માટે સાહેબનું અપાર
વાત્સલ્ય છે. બસ યુવાની આ ભુમિકા હોય -
છે એમાં એ વાત્સલ્ય આપ્યા પછી એમના -
દોષો એ બહુ સહેલાઈથી દુર કરી શકાય છે.
એમની આરાધના એ બહુ સારી રીતે કરાવી
શકાય છે. એમનું યોગક્ષેમ પણ એટલું સહેલું
થઈ જાય છે. અને સાહેબ બોલી જાય ને -
આમ મોટા-મોટા આચાર્ય ભગવંતો પણ નહિ
કર્યા વગર ન રહે, એના મુળમાં સાહેબમાં
રહેલી આ યોગ્યતા,

સત્યં હિત રતઃ !

અમારા રત્નસુંદરસૂરીજી મહારાજ, જયપુર-
શ્રીમાનુ સાહેબ નો આદેશ, દિલ્હી જવ,
આટલા મોટા આચાર્ય ભગવંત કેરકેરલી વિનંતી
હોય, દિલ્હી ત્યાંથી કોઈની વિનંતી નથી, હું
દિલ્હી જઉં કઈ રીતે ને સાહેબ કહે કે ત્યાર
જવાનું છે, ઓલા ને કહ્યુ વિનંતી કરવા આવો
આવતા નથી, ત્યાંહિયે કે નહિં હુમકો,
સાહેબ ના શબ્દો અમને ગુરુમા કહે.

એક સાહેબની શ્રધ્ધા સાથે
દિલ્હી માટે પ્રયાણ કર્યુ છે, અડધા રસ્તા-
સુધી કોઈ વિનંતી કરવા આવ્યું નથી, સાહેબ
ને પુછે શું કરવાનું, સાહેબ કહે ભાઈ જંગલી
લઈને પણ દિલ્હી રહેવાનું, અને શાસનના,
સદાચારના, સારા સારા કાર્યો કરવાના. દિલ્હી
પહોંચ્યા છે ને આખો ઉપાશ્રય, હોસ્પિટલ જેવું
વાતાવરણ હેજાય, એક સાથે આઠ ત્યાગના
મહાત્માઓ માંદગીની અંદર પટકાયા હોય,
પચાસ DEGREE જ્યાં ગરમી જતી હોય,
પાંચ-ચાર DEGREE જ્યાં ઠંડી પહોંચતી હોય,

એવા વિષમ વિસ્તારની અંદર પણ, એક-સાહેબ પરની શ્રદ્ધાથી, એક દિગ્ગજ આચાર્ય ભગવંત ત્યાં ચાર-ચાર વર્ષ રહીને, અનેક સારા કાર્યો કરાવે, હું તમને કહું છું એમાં મુળમાં સાહેબનું આ વાત્સલ્ય !

બધા માંદગીમાં પટકાયા હતા, કુરિયર વાળો આવ્યો છે, અમારા રત્નસુંદર-સૂરીશ્વરજી મહારાજના હાથમાં એક પાર્સલ-આવ્યું છે, પાર્સલ ખોલ્યું છે, દવા આનું પેકેટ છે, કાગળ છે, ગચ્છાધિપતિ શ્રીના-હસ્તાક્ષરમાં, ઘણા બધા મહાત્માઓ માંદગીમાં પટકાયા છે, સમાચાર મળ્યા છે, આ દવા-સાથે આ દવાનું પેકેટ છે સંયમસમવટી નંબર બે દિવસમાં આટલી વાર લેશો. આ સંયમસમવટી નંબર ત્રણ, બે આટલી વાર આ રીતે લેજો, આ દવા આમ લેજો, આ દવા આમ લેજો ને સાહેબ વાંચતા-વાંચતા ધ્રુસકે ને ધ્રુસકે રડી પડયા. સાહેબ ત્યાં બેઠા-બેઠા પોતાના હાથે, મારી આટલી કાળજી કરે.

૨7·08·૨0૨1

હું કહું કે મોટા મોટા રાજનેતાઓ મળ્યા હોય,
ને મોટા- મોટા કાર્યો પણ થયા હોય, મુળ-
માં પૂજ્યશ્રી ની ધગશ, એમની બાહોશતા,
એમનું ઔચિત્ય, એમની વ્યવહાર કુશળતા,
એમનું પુણ્યનો જરું જ, એના મુળમાં સાહેબ-
ની પ્રેરણા, અને એ પ્રેરણા પણ લાગુ થાય,
એના મુળમાં સાહેબનું આવું વાત્સલ્ય, આવી
ગુરુ પદની યોગ્યતા હોય, તો સારી રીતે
શિષ્યોનું યોગક્ષેમ કરી શકે. આજે સમય-
થયો છે, આને આટલું રાખીએ.

× × × × ×

29.08.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના ૧૮

પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, ધર્મ બિંદુ ગ્રંથની અંદર, ગુરુની યોગ્યતા જણાવે છે, આઠમા નંબરની યોગ્યતા જણાવે છે,

## સત્વ હિત રત: !

આ બે યોગ્યતા છે ને એક વાત્સલ્ય અને બીજુ હિત બુધ્ધિ, આ ગુરુની બહુ જ મહત્વની યોગ્યતા છે.

પૂજ્ય પ્રેમસૂરીશ્વરજી મહારાજ, એમના જે શિષ્યો - પ્રશિષ્યો, જે ગુરુ બની ચુકયા, તેમને શિષ્યો થઈ ચુકયા, એમને હિતશિક્ષા - રૂપી કહેતા હતા,

## જે આશ્રિતોને ખુબ જ વાત્સલ્ય આપો !

## વાત્સલ્ય એ વશીકરણ છે !

વાત્સલ્યથી વશ થઈ ગયેલી વ્યક્તિ, એને પછી તમે જે કહેશો એનું પાલન કરવા માટે,

પોતે જ પ્રયત્નશીલ બનશે. પ્રેમસૂરીશ્વરજી મહારાજ કહેતા હતા, કે આશ્રિતો એ-અનાદિ કાળના દોષથી વાસિત હોય છે. અને સહજ રીતે એમની ભૂલ થાય દોષ સેવાય, એવું બને. તમે એમને બહુ નજરે-રાખશો, તો પછી તમે એમની આરાધના નહિ કરાવી શકો.

દીકરાને બહુ ટોક-ટોક કરવામાં આવે પછી દીકરો વંઠી જાય. શિષ્યને બહુ-ટે-ટે કરવામાં આવે, પછી શિષ્ય વંઠી જાય. પછી એને આમાન્યા ના રહે, પછી એને-કિંમત ના રહે, પછી એને સદ્ભાવ ના રહે, ગુરુની ગુરુતા એ હોય, વાત્સલ્ય આપવું, સમજણ આપવી, ઔચિત્યાનુસાર, સંયોગાનુસાર, બને એટલું જતું કરવું. ક્યારેક આંખ આડા કાન પણ કરવા પડે, ક્યારેક ગળવું પણ પડે. ક્યારે ભૂલ થઈ હોય, શિષ્યની એનો બળાપો એ હોય, એનું આશ્વાસન આપવું પડે. અને ક્યારેક વઢવું પણ પડે!

મહાભારતમાં બહુ મહત્ત્વની વાત કરી,
न श्रेयः सततं तेजः न शश्वत् श्रेयसी क्षमा।
સતત તેજ રાખવું, એ પણ ઉચિત નથી,
એકદમ ઉગ્ર.. ઉગ્ર.. ઉગ્ર.. જ હોય,
બધે CURFEW જ હોય, બધા ફફડતા જ હોય,
ક્રૂર થઈને એક ઘા ને બાર ટુકડા કર્યા
હોય, એ પણ ઉચિત નથી. અને ગુરુ-
કોમળ.. કોમળ.. વાત્સલ્યના મહાસાગર,
એવા બધા સારા શબ્દોથી આપણે નવાજી
શકીએ, બધું જતું જ કરવાનું હોય, કંઈ-
કહેવાનું જ ના હોય, કોઈ જાતનું નિયંત્રણ
જેવું, અનુશાસન જેવું જ ના હોય, તો પણ
શિષ્યો રખડી પડે.
न श्रेयः सततं तेजः न शश्वत् श्रेयसी क्षमा।
અતિ, બંને બાજુ ખોટું છે. બહુ ઉગ્રતા અને
બહુ કોમળતા, આ બંનેથી શિષ્યો વંઠી જાય છે.

હરિભદ્રસૂરી મહારાજ, નવમા
નંબરની યોગ્યતા કહે છે,
आदेयः।

જે ગ્રાહ્ય વાક્ય હોય, જેમનું વચન ઝીલી-
લેવામાં આવે, એવા ગુરુ હોવા જોઈએ. ગુરુ
ગમે તેટલા સંયમી હોય, જ્ઞાની હોય, ગુણવાન
હોય પણ આદેય ના હોય, શિષ્ય એમનું
માને જ નહિ તો ગુરુ તરીકે એ FAIL!

પૂજ્ય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજ,
એમના શિષ્ય હતા, પૂજ્ય સુદર્શનસૂરીજી,
કોઈ સંઘ વાળા વિનંતી કરવા આવ્યા હતા,
સાહેબ ને કહે કે એમનું ચોમાસુ અમારે-
ત્યાં મોકલો, મુંબઈ નો એક સંઘ ને હજુ જેવો
વિકસેલો નહિ ને ઘર એટલા બધા નહિ,
અને જેમના માટેની વિનંતી લઈને આવ્યા-
હતા, એમની પાસે આવી ને બહાને વાત કરી કે
અમે સાહેબ પાસે જઈએ છીએ, આપના-
માટેની વિનંતી ચોમાસાની કરવાની છે.
એમની ઈચ્છા જરા પણ નહિ ને કીધું ભુલેચુકે
સાહેબ પાસે મારું નામ લેશો નહિ. મારી
બિલકુલ ઈચ્છા નથી ત્યાં ચોમાસુ કરવાની-
સાહેબ આગળ મારું નામ પણ લેતા નહિ,
મારી વાત પણ કરતા નહિ,

હું ત્યાં ચોમાસુ કરવા માટે આવવાનો નથી.
બિલકુલ મારી આશા તમે રાખશો નહિ,
જે કરવું હોય એ કરો મારું નામ લેશો નહિ,
સંઘ વાળા બિચારા ફફડી ગયા કે હવે કરવું
શું ? ચાલો આવ્યા છીએ તો સાહેબને
વંદન તો કરીએ, સાહેબને વંદન કર્યા, -
પૂજ્યશ્રીએ, પુછ્યું કે બોલો કેમ આવવાનું
થયું, અને થોડું તન.. મન.. થયું, સાહેબ
આમ તો.. આમ તો... શું થયું બોલો -
તમે કંઈ વાંધો નહિ, પેલા સાહેબ ની -
ચોમાસાની વિનંતી કરવા આવ્યા હતા, પણ
એમની ઈચ્છા નથી, તો પછી !

સુદર્શનસૂરીજી, તરત ઉઠીને
આવ્યા, હાથ જોડ્યા, આ લોકો ચોમાસાની
વિનંતી કરે છે, તહત્તિ સાહેબ !

પછી બધાને મનાવ.. મનાવ કરવાના હોય,
સમજાવટ કરવાની હોય, ગુરુ એ પોતે સમજવાનું
હોય, એ તો કેવી રીતે શક્ય છે !

આદેયતા બે રીતે થાય છે, એક આદેય નામ-કર્મથી આદેયતા પ્રગટે છે. એવું આદેય નામ-કર્મ હોય આપણે સાચુ ખોટું જે પણ કહીએ-એનો સ્વીકાર થાય, આવી શાસ્ત્રીય વ્યાખ્યા છે, એવું નહિ કે ગુરુ ખોટું કહે. યુક્તિ અસંગત પણ માણસ કહે ને એની બોલી લેવામાં આવે, આવું જેનું કર્મ એને આદેય નામ કર્મ કહેવાય, આવી પહેલા કર્મ ગ્રંથમાં વ્યાખ્યા કરી. આદેય નામ કર્મના ઉદયથી પણ આદેયતા પ્રગટે છે. આ અંતર્ગત કારણ. અને બાહ્યથી ગુરુની BALANCE વાત હોય, સ્યાદવાદમય વાતો હોય, શાસ્ત્રીય વાત હોય, વ્યવહારુ વાત હોય, - PRACTICAL વાત હોય.

અમુક મહાત્મા પાસે ખાસ સંઘના પ્રશ્નો, વ્યક્તિગત પ્રશ્નો, આવું બધું લઈને-લાવવામાં આવે, કારણકે લોકોને શ્રધ્ધા છે કે એમનું માર્ગદર્શન બહુ સાચુ હોય છે, અને ધારોકે કોઈ વ્યક્તિ આવી છે, સવાલ પુછ્યો છે, સમસ્યા રજુ કરી છે ને જવાબ કોઈ એવો મળ્યો,

કોઈના મગજમાં જ ન ઉતરે તો બીજુ વાર-
કોઈ પણ એમની પાસે નહિ જાય.

એમારા ગુરુદેવ પાસે અમને
કોઈ પણ પ્રશ્ન થાય, એમની જિંદગીના છેલ્લા
દિવસો સુધી અમે પ્રશ્ન લઈને દોડી ગયા-
છીએ, ગુરુદેવને બહુ જ શ્રધ્ધાથી પુછયું છે,
કારણકે અમને એ વિશ્વાસ કે ગુરુદેવ જે-
પણ કહે છે, એમાં રાગ ન હોય, દ્વેષ ન હોય,
પક્ષપાત ન હોય, ખેંચતાણ ન હોય, પણ
આગમ દ્રષ્ટિએ વ્યવહાર દ્રષ્ટિએ, અમારા હિત-
ની દ્રષ્ટિએ, ઔચિત્યની દ્રષ્ટિએ, જે હિતનું
હોય એનું ગુરુદેવ બહુ સારી રીતે વિચાર-
કરીને અમને એવો જવાબ આપે કે અમે
એમના માટે ઓવારી જઈએ, તો પછી તો
ગુરુદેવ આદેય થવાના જ છે.

એટલે આવા જ્યાં બાહ્ય પણ-
નિમિત્તો હોય છે, જ્યાં સત્કાગત, અંતર્ગત-
STOCK માં રહેલું, આદેય નામકર્મ ઉદયમાં આવે
છે.

અંતર્ગત કારણ તો જોઈએ જ. માણસ ગમે તેટલો - સાચો, ગમે તેટલી સારી રીતે કહે, આદેય - નામ કર્મ ના હોય તો સ્વીકાર્ય ના થાય એટલે અહીંયા અંતર્ગત અને બાહ્ય બંને પ્રકારની - આદેયતા ની વાત છે, આદેય નામ કર્મનો ઉદય પણ જોઈએ ને ગમે તેવું બોલતા હોય એ સ્વીકાર્ય થઈ પણ જાય, અને ક્યાંક ઉંધુ પણ થઈ જાય એવું પણ ના જોઈએ.

પ્રરૂપણા પણ શુધ્ધ, માર્ગદર્શન પણ શુધ્ધ

અને આદેય નામકર્મનો પણ ઉદય, આ જેમની અંદર છે, એમનામાં ગુરુ પદની નવમી યોગ્યતા છે.

દસમી યોગ્યતા ગુરુ માટેની છે,

अनुवर्तक: ।

જે સીધા ખેંચતાણ ન કરે, તડફડ ના કરે, આમ જ કરવાનું, બીજું કોઈ નહિ, કોઈ બોલો નહિ, ચૂપ રહો તમે, આ રીતે જ થશે, આ રીતનું જેમનું વર્તન હોય, એને ગુરુ ના કહેવાય.

અનુવર્તક ની બહુ સરસ વાત અહીં ટીકાકાર ભગવંત કહે છે.
चित्रस्वभावानां प्राणिनां गुणान्तराधानधियानुवृत्तिशील: ।
મહાત્મા તો નિ:સંગ પણે વિચરતા હોય, કચ્છ-માં વિચરે, સૌરાષ્ટ્રમાં વિચરે, કાઠીયાવાડ માં વિચરે, વિદર્ભમાં વિચરે, કોંકણમાં વિચરે, મધ્યપ્રદેશમાં વિચરે, બંગાળમાં, બિહારમાં, SOUTH માં બધે જ વિચરે, દેશનાઓ પણ-થાય, દીક્ષાઓ પણ થાય, બધા જુદા-જુદા પ્રદેશ-માં, જુદા-જુદા પરીવારના, જુદા-જુદા-સ્વભાવ, જુદી-જુદી આદત, જુદા જુદા ક્ષયો-પશમ, જુદી જુદી પ્રકૃતિ વાળા શિષ્યો, એમના સ્વભાવને અનુકૂળ થઈ ને, જે રીતે એમનું હિત થાય, જે રીતે એમને આગળ વધારવા, આનું નામ અનુવર્તકતા !

પંચવસ્તુક ગ્રંથની અંદર હરી-ભદ્રસૂરી મહારાજ કહે છે.
अणुवत्तणाइ सेहा पायं पावन्ति जोग्गयं परमं ।
અનુવર્તક કરવા દ્વારા, શિષ્યો પ્રાય: કરીને,

ઉચ્ચ યોગ્યતાને પામે છે. માટે ગુરુએ ખાસ અનુવર્તક બનવું જોઈએ.

અણુવત્તઓ ય ઇસો દઢે હવઇ

હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે ગુરુ અત્યંત-દ્રઢ પણ અનુવર્તક હોય.

જમ્હા સો જાણઇ

કારણકે ગુરુ જાણે છે,

સેહે ચિત્તે ચિત્તસહાવે

વિવિધ પ્રકારના શિષ્યો હોય છે, અને વિવિધ સ્વભાવવાળા શિષ્યો હોય છે. મારા સ્વભાવ મુજબ હું શિષ્યને સુધારવાનો પ્રયાસ કરું છું, તો હું ગુરુ તરીકે FAIL છું, હું શિષ્યના સ્વભાવ અનુસારે એને સુધારવાનો પ્રયાસ-કરું છું, તો હું ગુરુ તરીકે સફળ છું!

લોકો સમજતા જ નથી!

આવી મારી ફરીયાદ છે તો કદાચ, તો એનું કારણ એ છે કે એમને કઈ રીતે સમજાવવું, એ હજુ સુધી હું સમજ્યો નથી.

૨૪.૦૪.૨૦૨૧

જ્યાં સુધી એમની ભાષા મેં શીખી નથી એમની ભાષામાં મેં વાત કરી નથી, મારે એમને કંઈ સમજતું નથી. મેં તો કહી દીધું, મેં તો મારી ફરજ બજાવી દીધી, હવે તમારે કરવું હોય તો કરો, હું તો કહીને છૂટી ગયો, આ કદી પણ ગુરુની ભૂમિકા ન હોય શકે, મારે ગુરુપદનું નાટક કરવાનું છે, સારણાનો અભિનય કરવાનો છે, કે એ આત્માનું જે રીતે હિત થવાનું હોય એ કરવાનું છે, એનો વિચાર મારે કરવો જોઈએ. ગુરુ અનુવર્તક બને, શિષ્યના ભાવને સમજે, સ્વભાવને સમજે, કઈ રીતે સહેલાઈથી, ધર્મને સ્વીકારી શકે, આચારને સ્વીકારી શકે, પદાર્થને સમજી શકે, સામાચારીને સમજી શકે, એના દોષને દૂર કરી શકે, ગુણને અપનાવી શકે, એ રીતે એમને આગળ વધારવો, એનું નામ અનુવર્તન. જેમની અંદર આ ગુણ છે, એ ગુરુ અનુવર્તક! આજે સમય થયો છે, બાકી આવતું રાખીએ!

31.08.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના - ૧૯

ધર્મ બિંદુ ગ્રંથમાં, ગુરુ પદની અગિયારમી - યોગ્યતા કહે છે.

ગમ્ભીરઃ।

જે છીછરા હોય, જે SHORT TEMPER હોય, જે ઉછાંછળા હોય, જે આશ્રિતના દોષને - પચાવી ના શકે, જે બહુ નજરે રાખે, જે દાઢમાં રાખે, જે ખાર રાખે, જે મહેરમાં દોષ બોલી જાય, જે આશ્રિત ભૂલ કરે એટલે તૂટી પડ્યા વગર રહી ના શકે, જે આશ્રિતને, જેમ - "મા" પોતાના દીકરાના દોષો પ્રત્યે આંખ આડા કાન કરીને, એને પ્રેમથી નવડાવી દે એ રીતે પ્રેમથી નવડાવી ના શકે. એ ગુરુ પદ માટે યોગ્ય નથી.

ગુરુ ગંભીર હોય!

ગુરુ સાગર જેવા હોય!

પેટાળની ઝેર બધું જ સમાવી દીધું હોય!

દોષો ભાગવા છતા અભાગ્યા બનીને રહેના-
હોય. આલોચનાઓ, ભવ આલોચનાઓ લીધી
હોવા છતા ભલે, નથી લીધી એવી ગંભીરતા
હોય. દોષો ન સુધારે એવી વાત નહિ,
પણ આ દોષિત છે આવી પ્રતિતીના હોય.
આનું નામ ગંભીરતા.

આલોચના કોઈની લેવા માટે
ગુરુમાં ૨ ગુણો હોવા જોઈએ, એક ગુણ છે
એનું નામ છે અપ્રતિસાત. ગુરુ ૨
દોષ સાંભળ્યા એ કોઈ ને પણ કહે નહિ.
એ આ ગુણનું હાર્દ છે. કાચો ઘડો હોય.
અને એ કાચો ઘડો એમાંથી પાણી જ્યાં
કરે આને શ્રાવ કહેવાય. દોષનો જેમાંથી
શ્રાવ થાય. એના દોષ બીજા ને કહ્યા એને
પ્રતિશ્રાવી કહેવાય. અપ્રતિશ્રાવી ગુરુ હોય
એ પ્રાયશ્ચિત આપવા માટે યોગ્ય કહેવાય.
ધારોકે એક ગુરુ છે કોઈને કાંઈ નથી
કહેતા, પણ એમના મનમાં શ્રાવ થયા કરે છે
કે. આનામાં આ દોષ છે. આનામાં આ દોષ છે.

આનામાં આ દોષ છે, આ દોષિત છે, આણે આ પાપ કર્યું, એણે આ દોષ સેવ્યો, એણે આ વિચાર કર્યો, એણે આવુ કામ કર્યું, તો આમાં પણ નિશ્ચય દ્રષ્ટિએ અપ્રતિક્રાવિતા નથી.

स्वयं स्वस्मिन् स्रवत्येव परातिचारकल्मषम् ।

કે બીજાને નથી કહેતા પણ પોતાને કહેતા જ રહે છે, આનામાં દોષ છે.. દોષ છે.. દોષ છે.. દોષ છે .. દોષ છે. ત્યાં પણ સુક્ષ્મ દ્રષ્ટિએ પ્રતિક્રાવિતા છે. પછી એ વર્તનમાં પ્રગટશે, એ વાણીમાં પ્રગટશે, આંખના, ચહેરાના હાવભાવમાં પ્રગટશે અને શિષ્યોનો કે બહુમાન ભાવ હશે એ એવો નહિ રહે! એક ગુરુ હોય, એમના પચીસ શિષ્યો હોય, પચાસ શિષ્યો હોય, સો હોય બધા સરખા ન હોય કોઈ ઉચ્ચ સંયમી હોય, કોઈનામાં થોડું ઓછું સંયમ હોય, કોઈનામાં થોડી શિથીલતા હોય, કોઈનામાં વધારે શિથીલતા હોય, કોઈનામાં અમુક દોષો હોય, કોઈનામાં અમુક દોષો હોય, કોઈનામાં તીવ્ર દોષ હોય,

કોઈનામાં મંદ દોષ હોય, ગુરુ કદી એક નો દોષ બીજાને કહે નહિ, ગુરુ કદી એક ને ઉતારી ન પાડે, ગુરુ કદી કોઈનો મર્મ ઘાત ન કરે, મર્મ વચન ના બોલે, આ ગુરુની અસ્મિતા !

गम्भीर: ।

સાગર બધુ સમાવી લે. ગુરુ પણ બધુ સમાવી લે.

ગુરુની બારમા નંબરની યોગ્યતા છે,

अविषादी ।

ગુરુ વિષાદ ન પામે. વર્તમાન કાળના એક સમુદાયના ગચ્છાધિપતિ, એમની વાત વાંચી હતી. શિષ્ય મોડા દહેરાસર જાય, સવારે પહેલા જઈ ન આવે. દહેરાસર જઈને આવ્યા હોય ને. ગુરુ જે એમને કહ્યું, કે દહેરાસર છે ને. સમયસર જઈ આવવું, મોડું ના કરવું. કોણ જાણે મહાત્માએ વાત સાંભળી પણ ધ્યાનમાં SERIOUSLY લીધી નહિ, બીજા દિવસે મોડા જાય છે, બીજા દિવસે પણ ગુરુએ કહ્યું દહેરાસર સમય સર જઈ આવવું મોડું ના. કરવું. ત્રીજા દિવસે મોડું, ગુરુ બસ આ જ રીતે, જે રીતે પહેલા દિવસે કહી છે,

એ જ રીતે ત્રીજા દિવસે, એજ રીતે ચોથા-
દિવસે, પાંચમા દિવસે, પચ્ચીસ માં દિવસે,
ત્રીસ માં દિવસે, પાંત્રીસમાં દિવસે, પચાસમા
દિવસે, બસ રોજ પેલા મોડા થય ને ગુરુ
આટલું જ કહે, દહેરાસર સમયસર જઈ આવવું,
મોડું ના કરવું.

अविषादी ।

એક દિવસ ધોધમાર વરસાદ તુટી પડ્યો, સવાર
વાળા બધા જઈ આવ્યા, દહેરાસર પણ બાકી,
ગોચરી પણ વપરાય નહિ, બાર વાગ્યા, એક-
વાગ્યો, દોઢ વાગ્યો, વરસાદ અટકવાનું નામ ન
લે. મોડે પછી અટક્યો ને મહાત્મા જઈને-
આવ્યા ને ગુરુ જી બસ એ જ રીતે પ્રેમથી
સહજ રીતે એ જ વાત કરી, દહેરાસર વહેલું
જઈ આવવું મોડું ના કરવું.

अविषादी ।

ગુરુ જી જે વિષાદ ન પામે,
ગુરુ જી જે કંટાળે નહિ,
ગુરુ જી જે થાકે નહિ,
ગુરુ જી જે ઠેક સુધી પ્રયાસ કરતા રહે.

ગુરુ એ કે જેમનામાં ખુટ ધીરજ હોય.
ગુરુ એ કે જેને સામે RESPONCE સારો ન પણ મળે તો એ અકળાય નહિ.
ગુરુ એ જે UPSET ન થઈ જાય.

કાલે એક શ્રાવક આવ્યા - વંદન કર્યા, એવા એમના ભાવ મને કહે ભગવાન શાતામાં છો, ભગવાન કેમ છો. પછી મને કહે કે ભગવાને તો બધા ની જવાબદારી - રાખવાની, એટલે ભગવાન તો દુઃખી હોય, ભગવાને યોગક્ષેમ કરવાના, ભગવાને સારણા - વારણા કરવાના, ભગવાને એ બધું કરવાનું હોય, એટલે ભગવાન તો સુખી ના હોય પણ ભક્ત તો સુખી હોય, ભક્ત એ બધી જવાબદારી સોંપી દીધી, એટલે ભક્ત પરમ સુખી. મારી વાત સાચી કે નહિ?? શ્રાવકે મને પુછ્યું અને મેં જવાબ આપ્યો, મૌન હતું, મેં લખી ને જવાબ આપ્યો, મેં કાગળ આપ્યો, એમણે વાંચ્યો,

?? જે ભગવાનમાં ભળે એ ભક્ત સુખી હોય.

જેમને જે ભેદનમાં ન ભમે એ ભગવાન સુખી હોય!

ગુરુ એ વિષાદ પામી જાય, અકળાઈ જાય, તુટી પડે, TEMPER જાય, આ કામ નથી કરતા, આ કામ કરે છે, આ પેલું કરે છે, આને દસ વાર કીધું તો એ સમજતા નથી, આ કામ છે, તેમ છે, તો

ગુરુ જેવા દુઃખી સંસારમાં બીજા કોઈ ન હોય!

તમારા જે છોકરા હોય, તમે દુઃખી છો કારણકે તમે ભળો છો. આચાર્ય પદની પુષ્ટિ જાહેર ખાડુ સ્પષ્ટ કર્યું,

સારણા વિગ ગરબઝાડ કરતા, પણ રમતા નિજ ઘરમાં

બધું કરે યોગક્ષેમ કરે, વહાલ આપે, વાત્સલ્ય આપે, સારણા કરે, ક્યારેક આગળ વધવું પડે, ક્યારેક બહારથી કડકાઈ પણ કરવી પડે, પણ

ગુરુ જો પોતાના ઘરમાં રમતા હોય!

સભાનો પ્રશ્ન :- સાહેબજી, આવી યોગ્યતાઓ ગુણો પ્રગટ થાય પછી દીક્ષા લેવી ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- જુઓ, અત્યારે છે ને, આ ગુરુ પદની યોગ્યતા ચાલી રહી છે. એટલે તમને એવું લાગતું હોય કે ભવિષ્યમાં આપણે ગુરુ નહિ બની શકીએ માટે દીક્ષા ન લેવી. દીક્ષાર્થી ની યોગ્યતા તમારામાં છે કે નહિ એટલું જોઈ લો. અને તમને એ બધું પણ એવું ન ફાવે, તો ગુરુને પુછી લો. એ હા પાડે તો કુદી પડો.

એક વાત તમને કહું પ્રેમથી, બહુ નૈસર્ગિક, જન્મગત, પુર્વજન્મના, સંસ્કારો- સાથે લઈને આવેલા, અને મુળથી આવા - ગુણો લઈને બેઠેલા આત્મા કદાચ ઓછા હોય, વર્ષો સુધી ગુરુકુલવાસમાં ભગવાને કહેલી વિધિ પૂર્વક વિનયપૂર્વક રહે, અને સાથે એમની - જોહર એવી સુયુક્ત પાત્રના હોય,

એમનું ગુરુત્વ સોળે કળાએ ખીલ્યા વગર રહે-
નહિ. અમે જોઈએ છીએ ઘણીવાર અહિંયા-
પણ તમારા પરસ્પરના ઝઘડા થઈ જતા હોય,
નાની- નાની વાતોમાં વિખવાદ થઈ જતા હોય,
ત્યારે અમે જોઈએ કે ગુરુકુલવાસ નું કેવું ફળ,
મહાત્માની કેવી ઉચ્ચ ભુમિકા હોય. અહિંયા તમારું
કેવું છીછરાપણું ક્યારેક દેખાઈ જતું હોય.
ખુરશી માટેના ઝઘડા થઈ ગયા હોય, ઘરડા-
બહેન રડી પડે, આવુ પણ ક્યાંક બની જતું હોય.
કારણકે તમારી પાસે ઘડતર માટેની વ્યવસ્થા-
નથી. ખરેખર મારા અનુભવથી તમને કહું કે-
એવા શ્રાવકો ને મેં નજર સામે જોયા છે, કે
જે પચાસ વર્ષથી NON-STOP વ્યાખ્યાન-
સાંભળે છે, એના કરતા પચાસ દિવસના
પર્યાય વાળા મહાત્મા નો વધારે PROGRESS
થયો હોય છે, કારણકે ત્યાં જે વ્યવસ્થા નથી.
અહિંયા ગુરુકુલવાસ [illegible], વિનય રત્નાદિક
વ્યવસ્થા, વાચના, માહોલ, વાતાવરણ પહેલેથી
SET થયેલો આખો SET UP કે એમાં અંદર
આવતા ની સાથે PROGRESS ની SPEED
પકડાઈ જાય.

એ ત્યાં શક્ય નથી એમ વિચાર કરીએ અત્યારા-
માં બાળપણની અંદર જે હોબી હતા, સહજ
જે બીજાના હોબી એવા, બોલવા, TAUNT-
મારવા, ઉતારી પાડવા, SCHOOL-COLLEGE
LIFE ની અંદર જે બહુ સહજ ગણાતું,
અત્યારે એમને શરમ આવે છે કે એમે
આવું પણ ક્યારેક કર્યું હતું. કોઈને ઉતારી
પાડ્યા હતા, એની હોય બોલી દીધો હતો.
બહુ વિચારી શકાય એમ પણ નથી, ત્યાં આ
બધું એ ગુરુકુલવાસ આપે છે.

એવિશાદિ પણું, ગુરુપદની -
મહાનતા ઈફન એમને PARTIALITY કરીને
એવી POST આપી દેવામાં આવી ને એમનામાં
ભગવાન એવા, એમના પ્રત્યે આ કરવું ને
તે કરવું, કહે તો માથુ ધરી દેવું, અને કહે તો
ત્રીજા માળેથી કુદી પડવું, કશો વિચાર ન
કરવો, આ બધુ એમને એમ નથી કર્યું કોનું.

એમને એમ ગુરુ બનાતુ નથી!

એમને એમ ગુરુ પદ ટકાતું નથી, કોઈપણ સમુદાય ના, કોઈ પણ ગ્રુપના, નાયક હોય, વડિલ હોય, વિશિષ્ટ ગુણો વગર, વડિલ બનાતું પણ નથી ને ટકાતુ પણ નથી. ક્ષયોપશમ અનુસાર ઓછાવત્તા ગુણ હોય શકે, તરતમતા હોય શકે, પ્રાય: કરીને વિશિષ્ટ નાયક, - વિશિષ્ટ સંખ્યાના શિષ્યોના ગુરુ એમની - અંદર આ ગુણોનો ઉઘાડ ઓછા- વત્તા અંશમાં અવશ્ય હોય છે. આજે સમય થયો છે, આગે આગળનું રાખીએ.

x x x x

01.09.2021

# ધર્મ બિંદુ ગ્રંથ - વાચના ૨૦

ધર્મ બિંદુ ગ્રંથની અંદર હરીભદ્રસૂરી મહારાજ, ગુરુ પદની બારમી યોગ્યતા કહે છે.

अविषादी।

ટીકાકાર શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મહારાજ, અવિશાદિય ની વ્યાખ્યા કરી છે

न परिषहाद्यभिभूत: कायसंरक्षणादौ दैन्यमुपयाति।

અવિશાદિય નો કાલે એક અર્થ કર્યો કે શિષ્યો ના સારણા- વારણા વગેરે ની અંદર કંટાળે- થાકે નહિ. ટીકાકાર શ્રી એક બીજા દ્રષ્ટિકોણથી વ્યાખ્યા કરી રહ્યા છે, કે પરિષહો આવે, ઉપસર્ગો આવે, એમાં પોતે હારી જાય, થાકી જાય, સત્વ ઓછું થઈ જાય, અને ષટ્કાયની રક્ષામાં, એમનું અંશ પણ હોય, એ ઓસરી જાય, એવું ના થવું જોઈએ.

ગુરુનો બહુ જવાબદારી હોય છે, સારણા- વારણા કર્યા, સમજાવ્યું, વાચના આપી, તત્વજ્ઞાન આપ્યું, હિત શિક્ષા આપી, વ્યાખ્યાન આપ્યું, કદાચ આ બધું નહિ પણ હોય ને, તો એ બહુ વાંધો નહિ આવે.

પણ ગુરુનું પોતાનું જીવન ઢીલું હોય, શિથિલ-
હોય, ગુરુ નિષ્કારણ દોષ સેવે, ગુરુ -
કારણે પણ સત્ય ટકાવી ના રાખે, અને
દોષ સેવે. તો શિષ્યો સંયમમાં સ્થિર રહે -
એવી શક્યતા બહુ ઓછી છે.

દાદા ગુરુદેવ ભુવનભાનુસૂરી -
શ્વરજી મહારાજ, PARALYSIS (લકવા) નો
ATTACK (હુમલો) આવી ગયો છે, ઉંમર
ખુબ જ છે, જીવનના છેલ્લા બે વર્ષની -
કહાણ વાત. તિથિ આવી છે, તિથિ એ -
ચૈત્ય પરિપાટી કરવાની એટલે કરવાની. હવે
ગાડી આવ્યું છે, હવે હું ક્યાં બીજા દહેરાસરે -
જઉં, એવું નહિ. ચૈત્યપરિપાટીની જાહેરાત પડી -
ગઈ છે, સાહેબ તૈયાર થઈ ગયા છે, શિષ્યો
તૈયાર થઈને ઉપસ્થિત થઈ ગયા છે, સાહેબ
જેવી સ્ટ્રેચર તૈયાર છે, એમાં બેસાડીને
લઈ જઈએ. અને સાહેબના અમુક PATENT
વાક્ય હતા, સાહેબે કહ્યું,

ભગવાન આગળ લુચ્ચાઈ ના કરવાની હોય!

શિષ્યો એ ઘણી વિનંતી કરી, સાહેબ ચાલવા-
લાગ્યા. અડધા કિલોમીટર જેવું ચાલવાનું પત્યું,
ચૈત્ય પરિપાટી કરીને પાછા આવ્યા, પગ સુજી ગયા.

## ગુરુનો DOUBLE જવાબદારી હોય છે!

પોતાના આત્માની ને, આશ્રિતોની ને, ગુરુ.
ઢીલા પડી જાય, વાતે વાતે અપવાદ લે, મને
આટલી છુટ ને મને તેટલી છુટ, તો મને આવું
છે ને મને તેવું છે તો શિષ્યો એ જ-
શીખવાના છે. આગાઢ સંયોગી હોય, -
આત્યંતિક સંયોગી હોય, એની અંદર પણ -
આગમની મર્યાદા એવી છે કે જે અગીતાર્થ
શિષ્યો હોય, એમને કોઈ જાતના અપવાદની
ખબર પણ ના પડવી જોઈએ ને ગીતાર્થ એવા જે
વડિલ શિષ્યો હોય, જે પણ કોઈ આપવાદિક-
સંયોગી માં કરવું પડે, એ કરી લે એમની ખબર
સુદ્ધા ના પડવા દે, કારણકે એમની પરિણતિ
નથી. શાસ્ત્રમાં ત્યાં સુધી કહ્યું કે અગીતાર્થ
શિષ્ય હોય, જે માંદા પડ્યા છે એમને કંઈક
દોષિત વપરાવવું જ પડે એવું છે,

અને આપણે લઈને આવ્યા તો એને કહીએ કે
એ ભાઈ આ તો આવું કારણ હતું તે માટે
કરાવવું પડ્યું, આ રીતે કરાવી તે તમારી માટે
લાવ્યા તો એ લાવનાર ને પણ દોષ લાગે.
એક ભાઈ ને પણ તાવ આવ્યો જ હતો ને.
એમને આવી જ તકલીફ હતી ને, સહજ રીતે
એમને ત્યાં પહોંચી ગયો, અને એમને આ
બધી વિનંતી કરી ને, એમના માટે નું હતું,
તે બધું હતું તે આપના માટે પ્રાશગ્ય,
ODD દ્રવ્ય હોય. મહાત્મા ને શંકા રહે નહિ,
એ રીતે સમજાવી ને એમને આપવું. મહાત્મા
અપરિણ છે, નવા છે, હજુ કાચા ઘડા છે,
હજુ એવી પરિણતિ નથી, ઉત્સર્ગ અપવાદનું
BALANCE એ બધું નથી. અને એ કાચી
ઉંમરમાં કાચી પરિણતિની અંદર, એમને.
કહેવામાં આવે કે આવું હોય તો છૂટ હોય, તો
એમને દોષિતની સુગ જ ના રહે. એને
ખોટું કહીને આપવું, એ સત્ય છે. એમને
સાચું કહીને આપવું એ અસત્ય છે. એમને
કહ્યું કે ભાઈ આ રીતે નિર્દોષ મળી ગયું છે,

જ્યારે તમે ભાગ્યશાળી છો, તમને નિર્દોષ મળી ગયું, જેથી એમની પરિણતિ નિર્મળ થાય.
અને આ બધી પણ પછીની વાત છે. પહેલા નંબરમાં, નાના મહાત્માથી માંડીને, ગુરુ-સુધીના બધા જે, ષટ્કાયની રક્ષામાં, NO-EXCEPTION (અપવાદ), NO OPTION.
આગાઢ સંયોગો હોય એ વાત જુદી છે.
બને ત્યાં સુધી

<u>કોઈ પણ વસ્તુની અંદર અપવાદ લેવા નહિ!</u>

પ્રેમસૂરીશ્વરજી મહારાજ, એમની ૬૦ની ઉંમર હોય, ૬૫ની હોય, ૭૦ની હોય, ૭૫ની હોય, મારવાડની અંદર માઈલોના લાંબા-લાંબા વિહારો કર્યા હોય, સવારે-વિહાર, સાંજે વિહાર, થાકીને શરીર લોથ થઈ ગયું હોય, એમાં પણ પ્રેમસૂરીશ્વરજી-મહારાજ, ઉભા-ઉભા પ્રતિક્રમણ કરતા. અને જ્યારે સાહેબ ઉભા ઉભા કરતા હોય, ત્યારે પછી બીજા કોણ બેસે!

બહુ સરસ મર્મની વાત આગમમાં કરી,
જો ઉત્તમેહિં પહઓ મગ્ગો સો દુક્કુહો ણ સેસાણં ।
જે ઉત્તમ પુરુષ હોય એણે માર્ગ ખોલ્યો હોય,
એ બાકીના જીવો ને દુર્લભ નથી થતો -
અઘરો નથી થતો, એમના માટે સહેલો થઈ-
જાય, કોઈ મારા જેવા હોય પ્રમાદ હોય, થાક
હોય, આમ છે.. તેમ છે.. આવું બહુ.. બહુ..
પણ હું જ્યારે જોઉં કે મારા ગુરુદેવ ઉભા-
ઉભા કરે છે, પછી સહજ રીતે ઉભા ઉભા-
થઈ જશે ને મને એવું નહિ લાગે, કે મેં બહુ
મોટી ધાડ મારી.
आयरियम्मि जयंते कीस... / जो उत्तमेहिं पहओ...
મહાપુરુષો, પદસ્થ, ગુરુ ભગવંત, તેઓ જ્યારે જે
માર્ગ જોડે છે, એ માર્ગે ચાલવું પાછળના
વાળા માટે સહેલું બની જાય છે.
आयरियम्मि जयंते कीस तदणुचरा सीयंति?...
જ્યારે આચાર્ય ભગવંત પોતે ઉદ્યમશીલ હોય,
તો પછી એમના અનુચરો, એમના શિષ્યો,
એ કયાંથી પ્રમાદ કરે!
अविजाई।

માટે જ આચાર્ય ના છત્રીસ ગુણોની અંદર, એક ગુણ એ બતાવ્યો કે એ દ્રઢ સંઘયણ-વાળા હોય. અપવાદ હોય શકે છે. પણ-ઉત્સર્ગ માર્ગે આ ગુણ બતાવ્યો, છત્રીસ ગુણોમાં કે જે પ્રવચન-વાચના વગેરે આપના થાકે-નહિ, જેમને અપવાદોનું સેવન ન કરવું પડે ને જેના કારણે જેમનું સાચું પણ કારણ હોય, ત્યારે એમણે સેવેલો અપવાદ એ ભેદને શિષ્ય શિથિલ થાય.

अविषादी!

અને અવિષાદે જે અહીંયા વાત બતાવી, એમું હાર્દ એ છે, કે એમનું મન એટલું મજબુત હોય,

ઉત્સર્ગ એટલે ઉત્સર્ગ!

આચાર એટલે આચાર!

निर्दोषता એટલે निर्दोषता!

એમાં કોઈ પણ મનનો, કોઈ પણ ફેર, કોઈ-
પણ હિસાબે, કદી પણ કરવો જ નહિ.
न कायसंरक्षणाद्दौ दैन्यमुपयाति।
તમારા પગે મકોડો ચોંટી ગયો છે, તમે-
એકદમ અકળાયા છો, એકદમ ઉંચા નીચા,
ધાડ.. ધાડ જાત્રતેમ કરવા લાગ્યા, મકોડો
ચુંથાઈ ગયો, કચડાઈ ગયો, મરી ગયો,
ચાલે કે ન જ ચાલે! હજુ આગળ વધીને
કહું કોઈ સાધુથી આવું થઈ ગયું, હરગીઝ ન
ચાલે. હજુ આગળ વધીને કહું ગુરુ હોય,
અને એમનાથી આવું થઈ જાય, એ તો-
હરગીઝ.. હરગીઝ.. હરગીઝ.. ન ચાલે!
न कायसंरक्षणाद्दौ दैन्यमुपयाति।
સહન કરી લો. મરી જશો પીલો જીવ. ક્યારેક
એ થોડી થાપડી ની અંદર જતો રહ્યો હોય છે,
અને એ સમયે એને જગ્યાથી પણ કાઢવાનો
પ્રયાસ કરીએ ને બને કે એના શરીરના-
ટુકડા થઈ જાય. સહન કરવું પડે ત્યારે!
સહજ રીતે જ્યારે નીકળતો હોય ત્યારે નીકળે
ન નીકળે અને કદાચ આપણને લાગે જગ્યા-

નહી રહે તો, કુમારપાળ મહારાજા ની જેમ,
ચામડી સાથી મકોડા ને ક્યાંક મુકી દેવો પડે,
પગ ગમે તે કરી દેવું, દીન બની જવું,
હાય હાય કરી દેવું, અને એ જીવની ચોકોપણ
કિલામણા કરી દેવી, આવુ તો હરગીઝ ન-
ચાલે. અને આવું જો ગુરુ થી થઈ જાય છે
તો પછી શિષ્યો ને પુછી જવાના.

अविषादी ।

જે દીન ન બને, જેમનું સત્ય એકદમ મજબુત
રહે, એવા બનવું. આગળ વધીને કહે છે,
તેમજ યોગ્યતા ગુરુ ની,

उपशमलब्ध्यादिसम्पन्नः ।

અહીં સરસ મજાની એણે વ્યાખ્યા કરી છે,

परमुपशमयितुं सामर्थ्यलक्षणा ।

બીજાને ઉપશમ પમાડવા માટે, જે સામર્થ્ય
એનું નામ ઉપશમ લબ્ધિ. નિશીથ સુત્ર ની -
અંદર અમુક ઘટના બતાવી કે, ધારોકે -
મહાત્માને અત્યંત કષાય થઈ ગયો. ઉપાશ્રયની
સામે કોઈ મકાન હતું, અને એ મકાનમાં
રહેતા કોઈ ગ્રહસ્થ, એમણે સાથે મહાત્મા ને
કોઈ કારણે કલેશ કષાય થઈ ગયો,

મહાત્મા એમની સાથે મોટા- મોટા અવાજે
બોલી રહ્યા છે, ઘાંટોડે. આમ પ્રાયઃ ન થાય.
પણ અને કોઈ કાળે કોઈ ક્ષેત્રમાં કોઈ -
મહાત્માને એવો કષાયનો ઉદય થઈ ગયો.
અને એ પણ પોતે પોતાના વશમાં ન રહ્યા -
ને એ બોલી રહ્યા છે, એ સમયે શું -
કરવું છે તો ત્યાં બહુ સ્પષ્ટ કહ્યું કે જે
ઉપશમ લબ્ધિ વાળા મહાત્મા હોય, જે બીજાને
બહુ સહેલાઈથી શાંત કરી શકે, એમનો ચહેરો
એવો એમની વાણી એવી, એમનું માધુર્ય
એવું, એમનો પ્રેમ એવો એમનું વાત્સલ્ય -
એવું, પેલી ગમે તેટલી ઉકળેલી વ્યક્તિ ઠરી
જાય. મહાત્મા ગૃહસ્થને પણ ઠારી દે, અને
મહાત્માને પણ ઠારી દે. પણ હવે એ ઠારવા
આવે એટલી વારમાં લોકો આવી ગયા છે,
બધા ભેગા આવી ગયા છે, તમાશો થઈ રહ્યો
છે. એ સ્પષ્ટ કહ્યું, જે ઉપશમ લબ્ધિ વાળા
મહાત્મા, પેલા મહાત્માનો હાથ પકડે, અને
સીધા ઉપાશ્રયની બહાર લઈ જાય. ગૃહસ્થને
પણ શાંત કરે, મહાત્માને પણ શાંત કરે,

01.09.2021

બહુ સહેલાઈથી શાંત કરે આવી જેમની લબ્ધિ હોય, એને ઉપશમ લબ્ધિ કહેવાય. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

× × × ×